



Plan જિનશાસન

એવું કહેવાય છે કે ‘બાળકે ઘણી ચોપડીઓ લખી છે.’
સાવ ખોટી વાત છે. ચોપડીઓ મા – ની છે, માટે સાચી છે.
બાળકની હોત તો ખોટી હોત.
બાળકે જેટલી ચોપડીઓ લખી કહેવાય છે,
એમાં જેટલી ક્ષતિઓ છે, તે બાળકની છે.
ચોપડીઓના કુલ લખાણમાંથી જેટલા ટકા ક્ષતિઓનું લખાણ હોય,
તેટલા ટકા ચોપડીઓ બાળકની છે.
બાળક ચોપડીઓનો લેખક છે જ નહીં,
બાળક ફક્ત ક્ષતિઓનો લેખક છે.

**यदत्रासौष्ठवं किञ्चित्तन्ममैव गुरो र्न हि ।**
**यदत्र सौष्ठवं किञ्चित्, तद्गुरोरेव मे न हि ।।**

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# *Plan* જિનશાસન

એવું સુંદર સપનું મારું
સાકાર હોજો

**પ્રિયમ્**

अहो श्रुतम्
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
વૈશાખ, વિ. ૨૦૭૭
મે, ૨૦૨૧

Book Link : bit.ly/priyambooks
(આ લિંકથી બધી જ બુક્સ ફ્રીમાં મળશે, જરૂર અનુસાર આપ સ્વયં પ્રિન્ટ કાઢી શકશો.
પુસ્તકપ્રાપ્તિ માટે લિંક ઉપયોગી થશે, પુછતાછ માટે સંપર્ક ઉપયોગી થશે.)

ક્રમ .. વિષય ........................................ પૃ.સં.
૧ ... વિશ્વભરના સંઘોએ વિચારવા જેવી વાત ........................ ૪
૨ ... જિનશાસના સર્વાંગીણ અભ્યુદયનો એક અનેરો ઉપાય ........ ૭
૩ ... અનુકંપા - ટિપ્સ ........................................ ૯
૪ ... 13 Questions on કોરોના । દેરાસર ..................... ૧૩
૫ ... Plan : અનુષ્ઠાન ........................................ ૧૭
૬ ... Plan : Safe વરઘોડો .................................... ૧૮
૭ ... Plan : વૈયાવચ્ચ રસોડું .................................. ૨૦
૮ ... જલ-સુપાત્રદાન સૌભાગ્ય ................................. ૨૧
૯ ... अणंतगुणिया पयट्टए सद्धा ..................................... ૨૪
૧૦.. ઓ શ્રીમંતો ! જરા માંગણ બનતા શીખો ................... ૨૮

રોમ રોમ સળગી જાય એવી પરિસ્થિતિનું આમૂલચૂલ પરિવર્તન કરી
રોમાંચક પરિસ્થિતિનું સર્જન કરી શકે
એવી પુસ્તક શ્રેણિ

# જિનશાસન સિરિઝ

| | |
|---|---|
| સ્વપ્ન જિનશાસન | Heart જિનશાસન |
| Dream જિનશાસન | Mission જિનશાસન |
| My જિનશાસન | VISION જિનશાસન |
| For જિનશાસન | Enlight જિનશાસન |
| Steam જિનશાસન | Enlight જિનશાસન (shorter edition) |
| Journey જિનશાસન | Defence જિનશાસન |
| Secure જિનશાસન | Plan જિનશાસન |

For Free ebook-Book Link (bit.ly/priyambooks)
For readercare - ahoshrut.bs@gmail.com

*સુદ ૧૧ - શાસનસ્થાપનાની દર માસિક તિથિએ*
*આમાંથી કમ સે કમ ૧ બુકની પ્રિન્ટ કાઢીને સ્વયં વાંચી બીજાને વંચાવશો*
*તો જિનશાસનના સ્વર્ણિમ અભ્યુદયમાં આપનો ય ફાળો રહેશે.*
*જો આપ જૈન છો, તો આટલું તો જરૂર કરશો.*

# ⁕ વિશ્વભરના સંઘોએ વિચારવા જેવી વાત ⁕

આપણી કેટલીક ફરિયાદો બહુ નિયમિતપણે થતી રહેતી હોય છે, પણ તેનું સોલ્યુશન હોઈ શકે કે નહીં, એ દિશામાં આપણે એક પગલું પણ ભરતા હોતા નથી, જેનું એક ઉદાહરણ છે આપણા ધર્મસ્થાનોના સ્ટાફની ફરિયાદો.

(૧) તેઓ પાણી બરાબર ઉકાળતા નથી, કાચું રહે છે.
(૨) તેઓ આગલા દિવસના વધેલા પાણીમાં નવું ઉમેરી ઉકાળે છે.
(૩) તેઓ પાણી બરાબર ગાળતા નથી.
(૪) આયંબિલખાતામાં જયણા-જીવદયા સચવાતી નથી.
(૫) આયંબિલખાતામાંથી અનાજની ચોરી થાય છે.
(૬) પૂજારી હાજતે જઈ સ્નાન કર્યા વિના પૂજાના કપડાં પહેરી લે છે.
(૭) પૂજારી પ્રભુને આડેધડ વાળાકુંચી 'મારે' છે.
(૮) પૂજારી દેરાસરમાં/પરિસરમાં ફોન પર ગંદા પ્રોગ્રામ્સ જુએ છે.
(૯) વોચમેન દેરાસરના રંગમંડપની લગોલગ ફિલ્મી ગીતો વગાડે છે.
(૧૦) મુનિમ ભ્રષ્ટાચાર કરે છે.
(૧૧) ઉપાશ્રયની સફાઈમાં કામ ચોરી થાય છે.
(૧૨) સ્ટાફ આપણા મકાનોમાં એમના દેવસ્થાનો બનાવતો જાય છે.
(૧૩) આપણી રોટી ખાનારા આપણી સામા થાય છે.
(૧૪) સ્ટાફના મોઢામાંથી દારૂની વાસ આવે છે.
(૧૫) માણસો પાસે કામ લેતા લેતા નાકે દમ આવી જાય છે.

વર્ષોથી આ ફરિયાદોના પુનરાવર્તનો ચાલ્યા કરે છે, શું આ સમસ્યાઓનું કોઈ સોલ્યુશન જ નથી કે પછી આપણે એ માટે કોઈ વિચાર જ કરતા નથી ? ચાલો, હવે કંઈક વિચાર કરીએ ને એને As possible આચરણમાં પણ મુકીએ. આ રહી સોલ્યુશનની દિશા -

(૧) અમુક વ્યક્તિ/મંડળ/ગ્રુપ/સંઘ એક એક માણસમાં જૈનત્વની શ્રદ્ધા પ્રગટાવવાનું બીડું ઝડપે

(૨) દરેક માણસને સૂત્રજ્ઞાન-તત્ત્વજ્ઞાન-વિધિજ્ઞાન-ભક્ષ્યાભક્ષ્યજ્ઞાન વગેરે જ્ઞાન પીરસવામાં આવે.

(૩) દરેક માણસને ગુરુવંદન, સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણ વગેરે શીખવવામાં આવે. તે તે વસ્તુ શીખવા + કરવા બદલ સારું પારિતોષિક આપવામાં આવે.

(૪) દરેક માણસને નવકારશી, ચોવિયાર, બિયાસણું, એકાસણું, આયંબિલ, ઉપવાસ વગેરે કરતા શીખવાડાય. ઉકાળેલું પાણી પીતા કરાય, ૨૨ અભક્ષ્ય ત્યાગ કરતા કરાય, તે તે વસ્તુ કરવા બદલ તેમને સારું પારિતોષિક આપવામાં આવે.

(૫) દરેક માણસ પ્રવચન સાંભળે એવી યથાસંભવ ગોઠવણ કરાય, તેમના માટે વિશિષ્ટ પ્રભાવના અપાય.

(૬) દરેક પુરુષ સ્ટાફ સાધુ ભગવંત પાસે અને દરેક સ્ત્રી સ્ટાફ સાધ્વીજી ભગવંત પાસે સામાયિક કરે અને તે દ્વારા રોજ નવું નવું તત્ત્વજ્ઞાન પામે એવી વ્યવસ્થા કરાય, આ માટે તેમને વિશિષ્ટ પ્રભાવના અપાય.

(૭) શક્ય હોય તો ઉપરોક્ત બધી વસ્તુ સ્ટાફના પરિવારના દરેક સભ્ય માટે લાગુ કરાય.

(૮) સ્ટાફના પરિવારના દરેક સભ્ય અને તે પોતે પાઠશાળામાં પણ જોડાય અને ગાથા દીઠ તેમને સારું ઈનામ મળે એવી ગોઠવણ કરાય.

(૯) ગુરુ ભગવંતાદિનો યોગ ન હોય તો પુસ્તકાદિ માધ્યમ દ્વારા પણ સ્ટાફ ધાર્મિક વિકાસ સાધતો રહે એવો પ્રયાસ સતત ચાલુ રખાય.

આપણી એ બધી સમસ્યાઓનું મૂળ એ જ છે, કે આપણે શ્રદ્ધાહીન વ્યક્તિ પાસે શ્રદ્ધાસાધ્ય કાર્ય કરાવવું છે. આપણી એ બધી સમસ્યાઓનું સમાધાન એ જ હોઈ શકે કે આપણે એ વ્યક્તિને શ્રદ્ધા આપી દઈએ. આપણે એક વાત બહુ સિરિયસલી સમજી ચૂક્યા છીએ કે પગાર તો આપવો

જ પડશે. પગાર આપ્યા વગર કામ નહીં થાય, બરાબર એ જ રીતે આપણે એ પણ સમજવું જોઈએ કે શ્રદ્ધા તો આપવી જ પડશે, શ્રદ્ધા આપ્યા વગર કામ નહીં થાય.

જો આપણને આવી કોઈ લાગણી નથી, તો આપણે કામ કરાવી રહ્યા છીએ એ જેટલું સત્ય છે, એટલું જ સત્ય એ પણ છે કે આપણે આશાતનાઓ કરાવી રહ્યા છીએ. આશાતનાઓ સમૂળગી ટળી જાય એ માટે કોઈ કાળજી લેવી નહીં અને પરિણામ સ્વરૂપે જ્યારે આશાતના થતી હોય, ત્યારે બૂમાબૂમ કરવી, માણસને હડધૂત કરી દેવો, એને શ્રદ્ધાથી વધુ દૂર કરીને આશાતનાઓમાં ધરખમ વધારો કરવો ને વહીવટદારોના માથે માછલા ધોઈને આપણા રસ્તે પડવું. આમાં ક્યાંનો ન્યાય ? આમાં કેટલું ઔચિત્ય ?

સ્ટાફ જો શ્રદ્ધા માટે તદ્દન અપાત્ર લાગતો હોય, તો એને આપણી શ્રદ્ધાની ખામી સમજવી જોઈએ, સ્ટાફ કેવો છે એ ખરો પ્રશ્ન નથી, આપણે કેવા છીએ એ ખરો પ્રશ્ન છે. એક દિવસના સ્ટાફ-સભ્ય જયતાક બીજા ભવમાં અઢાર દેશોમાં જીવદયાનો જયજયકાર કરનારા કુમારપાળ મહારાજા બની શકે છે. જરૂર આટલી જ છે, એમનામાં શ્રદ્ધાનો દીવો પ્રગટાવવામાં આવે. આખી જિંદગી આપણા ધર્મસ્થાનમાં રહેનારને ધર્મ ન સ્પર્શે એ આપણા ખુદના ધર્મ પર પણ પ્રશ્નાર્થ ચિહ્ન છે, યાદ આવે વૈષ્ણવ પંથનો એક દુહો -

*તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો,*
*તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.*

ચાલો, જેમના ભરોસે આપણે દેવ-ગુરુ-ધર્મને છોડીએ છીએ, એમનામાં ભરોસો ભરી દઈએ. એમના આત્માનું ય કલ્યાણ થશે, આશાતનાઓ ટળશે, ખરી ભક્તિ થશે, આપણો પાપનો ભાર ઓછો થશે ને સંઘના ઘરે ઘરે આનંદ-મંગળ થશે. સાચું કહું, નવી પેઢીને ધર્મમાં જોડવા માટે આપણે ઘરે ઘરે જે જહેમત લેવાય છે, તેના કરતા ઘણી ઓછી મહેનતે આમાં પરિણામ મળી શકે છે. શરત એટલી જ કે ઈનામ ખૂબ સારું હોવું જોઈએ. આ શરત પૂરી કરવી એ આપણા માટે કોઈ મોટી વાત નથી.

✻

# ✳ જિનશાસનના સર્વાંગીણ અભ્યુદયનો એક અનેરો ઉપાય ✳

જિનશાસનના સાતે ક્ષેત્રોમાં છેલ્લું અને પાયાભૂત કોઈ ક્ષેત્ર હોય, તો એ છે શ્રાવિકાક્ષેત્ર. આ ક્ષેત્ર મજબૂત તો જિનશાસન મજબૂત. આ ક્ષેત્ર વેરવિખેર તો જિનશાસન વેરવિખેર. આજે આ ક્ષેત્રની સ્થિતિ શું છે ? નિર્લજ્જ વેષ, મર્યાદાના લીરે લીરા, બોયફ્રેન્ડ કલ્ચર, શીલનો વિનાશ, ઉચ્છૃંખલતા, આંતરધર્મીય વિવાહ, વિધર્મી વિવાહ, ભાગી જવું, પાછા આવવું, છૂટાછેડા, ભ્રૂણહત્યા, બીજી/ત્રીજી વાર પરણવું, ધર્મવિરોધી બનવું, ચોવિયાર/સદાચારની સૂગ ધરાવવી, બધાને પાપમાં ઘસડી જવા... વગેરે વગેરે દુઃખદ બીનાઓ આપણી નજર સામે ઘટી રહી છે.

આ શ્રાવિકાક્ષેત્રને કોણ તરતું કરે ? કોણ એમને સન્માર્ગે લાવે ? આ માટે આપણી નજર માત્ર સાધ્વીક્ષેત્ર પર ઠરી શકે ? આ ક્ષેત્ર કેટલું તરતું ? જેમનો વૈરાગ્ય જોઈને કોલેજીયન શોખીન યુવતીઓ અહોભાવથી ઝુકી પડે, જેમનો ઉપશમભાવ સંઘની દીકરીઓને આફરીન કરી દે, જેમનું આધ્યાત્મિક વ્યક્તિત્વ સંઘની કન્યાઓને ડાહી-ડમરી ને કહ્યાગરી બનાવી દે, જેમની ઝળકતી જ્ઞાનપરિણતિ સંઘની દીકરીઓ અને વહુઓને તેમનો પડ્યો બોલ ઝીલવા માટે તલપાપડ કરી દે, જેમના એક ઈશારે સંઘવિસ્તારની કચરાપેટી લેડીજ વેસ્ટર્ન ડ્રેસથી ઉભરાઈ જાય, જેમની એક પ્રેરણાથી કન્યાઓ હોંશે હોંશે મર્યાદાશીલ બની જાય, જેમનું અસ્તિત્વ સુદ્ધા સેંકડો હજારો મયણાઓ અને સુલસાઓનું સર્જન કરે, એવા શ્રમણી ભગવંતો આપણી પાસે કેટલા ?

દીક્ષા લેનારાઓનો તોટો નથી, ઉગ્ર તપસ્યાઓનો પણ તોટો નથી, પણ પરિણતિ, અધ્યાત્મ, ઉપશમ, વિરાગરસ, વિશુદ્ધ જ્ઞાન-આ બધા ક્ષેત્રોમાં આપણા શ્રમણી ભગવંતો ક્યાં ? મને કહેવા દો કે જે શ્રમણી ભગવંતો દ્વારા આપણે સમગ્ર જિનશાસનની સમસ્યાઓનો અંત લાવી

શકીએ, એમની પોતાની જ સમસ્યાઓનો અંત ન આવતો હોય, ત્યારે આપણે ગંભીરતાથી વિચારવું ન જોઈએ ?

દોષ કોનો ? શ્રમણી ભગવંતોનો કે પછી આપણો ? આપણી પાસે વૈયાવચ્ચનો કોન્સેપ્ટ છે ખરો, પણ તે ગોચરી, પાણી, ઉપકરણ, દવા અને ઓપરેશન સુધી આવીને અટકી જાય છે બહુ બહુ તો આપણે બાઈઓના પગારો કે ઉપાશ્રયનિર્માણ સુધીનું વિચારી શકીએ છીએ. પણ એક કન્યા પ્રચંડ વૈરાગ્ય સાથે તમામ સાંસારિક પ્રલોભનોને લાત મારીને મા-બાપ-ઘર-બાર છોડીને સાધનાના પંથે પ્રસ્થાન કરે પછી દિન પ્રતિદિન તેમનો સાધનાનો ઉલ્લાસ વધતો જાય, તેમને જ્ઞાન અને વૈરાગ્યની ઉર્જા મળતી જ જાય અને એમની આધ્યાત્મિક જ્યોતિનું તેજ સતત વધતું જ જાય એ માટે આપણે શું કરી શકીએ, આનો વિચાર આપણને આવતો નથી.

એ પુણ્યાત્મા જાતમહેનતે ઝઝુમીને સાધના કરી લે એ જુદી વસ્તુ છે, આપણે એ માટે શું આલંબન આપ્યું એ આપણે વિચારવાની મુખ્ય વસ્તુ છે. જાતમહેનતે કેટલા ઝઝુમી શકે ? સામુદાયિક-સમષ્ટિગત આલંબન અપાય તો કેટલા રત્નો પાકી શકે - આ ભેદ સમજવો અઘરો નથી.

## શું કરવું જોઈએ ?

(૧) દરેક ઉપકરણ/વૈયાવચ્ચ સંસ્થાએ સંયમોપયોગી પુસ્તકોનું પણ સતત વિતરણ કરવું જોઈએ. જેથી તેના દ્વારા સંયમપ્રેરણા મળતી રહે. સંયમપરિણતિ જીવંત રહે અને ઉત્તરોત્તર વિશુદ્ધ બનતી જાય. (તે તે પ્રકાશક સંસ્થાઓ પાસેથી મહાત્માઓ માટેના તે તે પુસ્તકો વિના મૂલ્યે મળી શકે છે.)

(૨) સ્થાનિક અગ્રણીઓએ તે તે મહાત્માઓના જ્ઞાનાભ્યાસની વ્યવસ્થા કરી તેમનો પ્રોગ્રેસ રિપોર્ટ નિયમિત લેવો જોઈએ. તે અભ્યાસમાં પરિણતિપોષક ગ્રંથોની પ્રાયોરિટી હોવી જોઈએ.

(૩) સંઘ/સંસ્થા/વ્યક્તિગત લેવલે એવા અનેક પીઢ, પરિણત પંડિતવર્યોની નિમણૂંક થવી જોઈએ, જેઓ ચોક્કસ વિસ્તારોમાં સતત પરિણતિપોષક સંબોધનો કરતા રહે. જેમ કે અમદાવાદમાં પાલડી, વાસણા, વાડજ, શાહીબાગ, શાંતિવન, સાબરમતી વગેરે લેવલે આવા આયોજનો થાય. જેમાં તે તે વિસ્તારના બધા/ઘણા મહાત્માઓ પધારે. રોજનું એક સંબોધન તો દરેક વિસ્તારમાં હોય જ.

આ ઉપાયોથી શ્રમણીસંસ્થા તરતી થશે, પરિણામે શ્રાવિકાસંસ્થા પણ તરતી થશે, પરિણામે સમગ્ર જિનશાસન તરતું થશે. Min. effort Max. Result જેવું આ કામ છે. જે કરવામાં શાસનપ્રેમીઓએ બિલકુલ વિલંબ કરવા જેવો નથી.

✺

## ⁕ અનુકંપા - ટિપ્સ ⁕

કોરોના અને લોકડાઉન - ના બેવડા ભારમાં ભીંસાતી જનતાને સમયોચિત કીટ વગેરેનું વિતરણ કરવું તે ‘અનુકંપા’ નામનું સમ્યક્ત્વ લક્ષણ છે. અનુકંપા એ શાસનપ્રભાવનાનું અંગ પણ છે. કથાકોષપ્રકરણમાં પૂ. જિનેશ્વરસૂરિજી મહારાજે સ્પષ્ટ લખ્યું છે કે શાલિભદ્રે દીક્ષાપૂર્વે સાધર્મિકોને ઘરે બોલાવીને ગુપ્તદાન આપ્યું હતું અને અનુકંપાદાન પટહ-ઘોષણા સાથે શાસનપ્રભાવનાપૂર્વક આપ્યું હતું. આજે અજ્ઞાનને કારણે તદ્દન વિપરીત રીતે પણ દાન દેવાતું હોય છે. જેમાં સહધર્મીઓની નાલેશીથી શાસનઅપભ્રાજના થાય અને ગુપ્ત અનુકંપાથી જિનશાસનને કોઈ જ યશ ન મળે, તે કારણે શાસનઅપભ્રાજના થાય, કે આપણે ફક્ત આપણી જ આરાધના અને જલસામાં વ્યસ્ત છીએ. દીન-દુઃખીઓની આપણને કાંઈ પડી નથી.

વર્તમાનકાળમાં જિનશાસનની રક્ષા માટે પણ અનુકંપાદાનનો મહત્તમ યશ જિનશાસનનને અપાવવો બેહદ જરૂરી છે. આવા સમયે ગુપ્તદાનનો

આગ્રહ એ આડકતરી રીતે શાસનશત્રુતામાં પરિણમે છે. આને નિઃસ્પૃહતા ન કહેવાય. હા, પોતાનું નામ, પોતાના પરિવારનું નામ, પોતાની સંસ્થાનું નામ-આ બધાને ભલે ગુપ્ત રાખો. જૈન ધર્મ અને ચોવીશમાં તીર્થંકર કરુણાસાગર શ્રી મહાવીરસ્વામી ભગવાન- આ બંનેને તો હરગીઝ ગુપ્ત ન રાખો. બસ, તમે આટલો વિવેક રાખી શકો તો તમને તમારા ધનદાનનું અને સમયદાનનું અનંતગણું ફળ મળશે.

## અહીં પ્રસ્તુત છે - કીટ વિતરણ ટીપ્સ

(૧) જ્યાં કીટ વિતરણ થાય ત્યાં બેક ગ્રાઉન્ડમાં મોટા અક્ષરે જૈન ધર્મના ચોવીશમાં તીર્થંકર કરુણાસાગર ભગવાન શ્રી મહાવીરસ્વામીની પ્રેરણાથી સપ્રેમ આ અક્ષરોવાળું મોટું બેનર લગાડ્યું હોય.

(૨) તે બેનરમાં મહાવીરસ્વામી ભગવાનનો ખૂબ જ અહોભાવપ્રેરક ફોટો/ચિત્ર હોય.

(૩) નિકટવર્તી તીર્થ અને તેના મૂળનાયક પ્રભુજીના રમણીય ચિત્રવાળું મોટું બેનર હોય.

(૪) શ્રીમહાવીરસ્વામી ભગવાનના ઉપદેશના બેનરો હોય જેમ કે -

**शिवमस्तु सर्वजगतः**

**આખા જગતનું ભલું થાઓ.**

- ભગવાન શ્રીમહાવીર સ્વામી

(૫) એક બાજુ વિશિષ્ટ બેઠક રાખી હોય જ્યાં નાની-મોટી વ્યક્તિઓને અનુમોદના-સંબોધન કરવા માટે બેસાડી શકાય. પ્રેસ રિપોર્ટર વગેરેને બેસાડી તેમને સારી રીતે રિપોર્ટ આપી શકાય.

(૬) પત્રકારો વગેરેની ઉચિત સ્વાગતા-સેવાનો પ્રબંધ રાખી શકાય.

(૭) સ્થાનિક વિશિષ્ટ મહાનુભાવોને આમંત્રિત કરી તેમને પત્રકાર વગેરે સમક્ષ અનુમોદના કરવાની તક આપી શકાય.

(૮) કીટ વગેરેના પેકિંગમાં કમ સે કમ આટલું લખાણ જરૂર રખાય. જૈન ધર્મના ચોવીશમાં તીર્થંકર કરુણાસાગર ભગવાન શ્રીમહાવીર સ્વામીની પ્રેરણાથી.

(૯) સમીપવર્તી કોઈ તીર્થ હોય તો તે અંગેનો ઉલ્લેખ પણ કીટ વગેરના પેકિંગ પર હોવો જોઈએ, જેમ કે

**શ્રી શત્રુંજય ગિરિરાજ મહાતીર્થ –**
**દાદા શ્રી આદિનાથની અપરંપાર કૃપાથી**

(૧૦) શક્ય હોય તો જૈનત્વના સરળ પરિચયની કોઈ નાની પુસ્તિકા સાથે આપી શકાય. જેમ કે **જૈનીઝમ** (કિંમત ૨ રૂ.), **जैनीझम** (૨ રૂ.), **ટેસ્ટ જૈનીઝમ** (ગુ.હિં.અં. ભાષામાં - ૫ રૂ.), **વિશ્વની બધી જ સમસ્યાઓનું સમાધાન : જૈનીઝમ** (ગુ.-૫ રૂ., હિં.-૧૦ રૂ.), **जैन धर्म और भगवान महावीरस्वामी** (પેમ્ફલેટ-૧ રૂ.), **દેવ-ગુરુ-ધર્મ** (પેમ્ફલેટ-૧ રૂ.) વગેરે...

(૧૧) શક્ય હોય તો મહાત્મા કે અન્ય યોગ્ય વ્યક્તિ દ્વારા સંબોધન ગોઠવાય.

જિનશાસન સીદાતું હોય, તીર્થ વગેરે જોખમમાં હોય, ત્યારે જિનાજ્ઞા-ગુર્વાજ્ઞા-વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આ બધાની ઉપેક્ષા કરી આપણા વિચારો મુજબ અનુકંપા કરી દેવાથી પુણ્યના ભાગાકારો તો થઈ જ જાય છે. સાથે સાથે જેટલા અંશે જિનશાસન પ્રત્યે ઉપેક્ષાભાવ હોય, એટલે અંશે પાપબંધ પણ થાય છે.

૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ.હરિભદ્રસૂરિ મહારાજા ધર્મની ત્રણ વ્યાખ્યા કરે છે. (૧) **वचनाद् यदनुष्ठानम्** - **જે જિનવચનપૂર્વક હોય તે ધર્મ.**

- ધર્મબિન્દુ ગ્રંથ

(૨) **उचियमेव कायव्वं** - જે ઉચિત વર્તન હોય તે ધર્મ.

- પંચાશક ગ્રંથ

(૩) **धम्मो आणाइ पडिबद्धो** - જે આજ્ઞાપ્રતિબદ્ધ હોય તે ધર્મ.

- શ્રાવકધર્મવિધિ ગ્રંથ

આપણે જોઈ શકીએ છીએ કે સ્વતંત્ર વિચારોથી જે કરવામાં આવે તે ધર્મ જ નથી. જેમણે જિનાજ્ઞાનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે એવા સંવિજ્ઞ ગીતાર્થ ગુરુ ભગવંતો વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રીને જે શાસ્ત્રસાપેક્ષ માર્ગદર્શન આપે, તેને અનુસરવામાં જ ધર્મ છે.

આપણે સૌ એમના માર્ગદર્શનને અનુસરવા દ્વારા વિશુદ્ધ અનુકંપાદાન કરીએ અને તેના દ્વારા આપણે જિનશાસન-અભ્યુદય અને તીર્થાદિ-સુરક્ષાનો લાભ પણ પામી આપણા પુણ્યના અનંત ગુણાકારો કરી લઈએ એ જ શુભેચ્છા.

## અનુકંપા ગાઈડ-લઘુ પુસ્તકો

(૧) એન્લાઈટ જિનશાસન

(૨) એન્લાઈટ જિનશાસન (શોર્ટર એડીશન)

## ✻ છેલ્લી વાત ✻

અનુકંપાદાન માટે સમય આપનારાઓને
જેટલા ધન્યવાદો આપીએ એટલા ઓછા છે.
એમનું સમયદાન
એ દાનવીરોના ધનદાન કરતા પણ
એક અપેક્ષાએ ચડિયાતું છે.
એમના આ દાનનું એમને ઉત્કૃષ્ટ વળતર મળે
એ માટે
એમની કમ સે કમ બે-ત્રણ કલાકની
પ્રશિક્ષણ શિબિર થવી જોઈએ.
જેમાં તેમને મીઠાશ, પ્રેમ, વ્યવહારકુશળતા, નમ્રતા,
દાક્ષિણ્ય, સૌજન્ય વગેરે શીખવવામાં આવે.

જાહેર જનતા સાથે, પત્રકાર વગેરે સાથે, સાથીદારો સાથે
ક્યા સંયોગોમાં કઈ રીતે વર્તવું
તેનું શિક્ષણ આપવામાં આવે.
દરેક સમયદાતા પોતાનું ઉત્કૃષ્ટ યોગદાન આપી શકે,
જેનાથી સૌને પૂર્ણ સંતોષ થાય.
અને જિનશાસનની પણ જબરદસ્ત પ્રભાવના થાય.
એવી નક્કર તાલીમ આપવામાં આવે
તાલીમ વગર સીધી કામગિરી બજાવવા જતા
ક્યારેક નુકશાન થવાની પણ
સંભાવના રહે છે.
તો અનુકંપાદાન પૂર્વે
આવી પ્રશિક્ષણ શિબિર પણ
જરૂર યોજવી જોઈએ.

✳

## ✳ *13 Questions on* કોરોના & દેરાસર ✳

સરકારશ્રીની ગાઈડલાઈનની સાથે સાથે સંઘની સેફ્ટી
માટે અગ્રણીઓ દેરાસર
માટે પણ ગાઈડલાઈન બહાર પાડી રહ્યા છે
તે અનુમોદનીય છે, એના પર કેટલાક પ્રશ્નો થાય છે.

(૧) સામાન્યથી દરેક સંઘ/દેરાસરની ગાઈડલાઈનમાં એક વસ્તુ કોમન જોવા મળે છે -

દેરાસર આટલાથી આટલા વાગ્યા સુધી જ ખુલ્લુ રહેશે.
પ્રશ્ન એ થાય છે કે આનાથી સેફ્ટી વધશે કે ઘટશે ?

જે લોકો છ-સાત કલાકમાં વહેંચાઈ જતા હતા તેમને આપણે ત્રણ-ચાર કલાકમાં ભેગા કરી દેતા હોઈએ એવું નથી લાગતું ?

(૨) **પૂજારીજી છૂટ્ટા થાય - એમની ડ્યુટી વહેલી પૂરી થઈ જાય, લોકો નિયત સમયે વધુ ભેગા થાય અને સંક્રમણની શક્યતા વધે - આ સિવાય સમય ટૂંકાવવાનું કયું ફળ છે ?**

(૩) સાંજે કરફ્યુના સમય કરતા ય દોઢ-બે કલાક વહેલું માંગલિક કરી દેવામાં કશો ફાયદો થવાનો છે ? સાંજે તો પૂજા ય નથી કરવાની હોતી તો જલ્દી માંગલિક કરીને ઓફિસાદિથી પરવારીને દર્શન કરવા આવતા લોકોને રોકવાથી કઈ રીતે 'સુરક્ષા' થઈ જાય છે ?

(૪) **ખરેખર તો સલામતી માટે સમય વધારવો જોઈએ કે ઘટાડવો જોઈએ ?**

(૫) એક બાજુ લોકો મહાબેદરકારીથી સાંસારિક પ્રવૃત્તિઓ કરતા હોય ને બીજી બાજુ આવા ધાર્મિક નિયંત્રણો જોવા મળે, ત્યારે એવું નથી લાગતું ? કે આપણને જાણે ધર્મને 'માર' મારવા બહાનું જ જોઈએ છે ?

(૬) ક્યાંક તો પૂજા માટે નવું નિયમન કરવાની જરૂર જ નથી પડી. કારણ કે ગત વર્ષે સદંતર બંધ કરેલી પૂજા હજી ખોલી જ નથી. કોરોના તદ્દન ગાયબ થઈ ગયો ને સ્કુલો સુદ્ધા ખુલી ગઈ. હિલસ્ટેશનો ને રિસોર્ટો તો નહીંતરે ખુલ્લા હતા ને ઉભરાતા હતા. પણ પૂજા ન ખુલી તે ન જ ખુલી આજે ૧૩ મહિનાથી પૂજા સદંતર બંધ છે. આથી વધુ શરમજનક વાત બીજી કઈ હોઈ શકે ?

(૭) **ગત વર્ષનું આપણું ધાર્મિક સરવૈયું એ રહ્યું કે કોરોના સૌ પ્રથમ આપણા ધર્મસ્થાનોને નડ્યો, બંધ થવામાં ધર્મસ્થાનોનો પહેલો નંબર ને ખુલવામાં છેલ્લો નંબર. ને ક્યાંક ક્યાંક સમષ્ટિગત કે વ્યક્તિગત રૂપે છેલ્લો નંબર પણ નહીં, ધર્મની આનાથી મોટી મશ્કરી અને આથી વધુ અપમાન બીજું કયું હોઈ શકે ?**

(૮) ઘણી જગ્યાએ અગ્રણીઓ ભાવનાશીલ હોય છે, તો બીજાઓને સલામતીની વધુ પડતી ચિંતા થતી હોય છે, એનું કારણ યા અજ્ઞાન

હોય છે યા એવી મલિન ભાવના હોય છે કે અમને તો આમે ય આ બધું ન'તું ગમતું, ને આરાધકો પર દ્વેષ થતો હતો, પણ અમે શું કરી શકીએ ? ચાલો, આ કોરોનાનું બહાનું મળ્યું છે તો બધું બંધ કરાવી દઈએ.

(૯) **શા માટે અમુક કોમમાં કોઈ ભય નથી, સલામતીની કાળજી નથી ને મરણનું પ્રમાણ પણ નથી ? ને શા માટે આપણે ભયાનક દવાઓથી જુવાનીમાં જ છ-છ બાર-બાર મહિના સુધીનું ઘડપણ વેઠીએ છીએ કે પૈસાનું પાણી કરીને હોસ્પિટલમાં જીવ સુદ્ધા આપી આવીએ છીએ ? એના પર પણ આપણે ગંભીર વિચાર કરવાની જરૂર છે. વાંચો પુસ્તક – 'કોરોના'. લેખક – સંજયભાઈ વોરા**

(૧૦) સંસારના અને ધર્મના જુદા કાયદા – જુદી વિચારધારા – ધર્મસ્થાનને soft target બનાવવું – મહદંશે પ્રભુને અપૂજ બનાવવા – બજારમાં પરસ્પર ભેટવા જેવી ભીડનો કોઈ વાંધો નહી ને છૂટ્ટા છૂટ્ટા બેસીને પ્રવચનશ્રવણ/પ્રતિક્રમણ જેવી સલામત પ્રવૃત્તિ પર વાંધો ઉઠાવવો – પોતે ઉદયપુર ફરી આવવું ને અહીં ધર્મક્રિયાનો વિરોધ કરવો – આનો અર્થ સલામતીની ચિંતા થાય ? કે પછી ધર્મના વિરોધીપણું થાય ? આ પાપનું શું ફળ આવે, આની કલ્પના પણ એમણે કરી હશે ખરી ?

(૧૧) **આરાધના પર સીધો કુહાડો એ ધર્મદ્વેષ છે. સલામતી સાથેની આરાધનાનો ઉપાય યોજવો એ સમજણ અને વિવેક છે. આપણી દુકાન ધડ્ દઈને બંધ કરી દેવાનું આપણે વિચારતા પણ નથી પણ વચલા રસ્તા શોધીએ છીએ, જ્યારે એવું કારણ ન હોય તો મૂળ રસ્તે જ દોડે રાખીએ છીએ. એવું આરાધનાની બાબતમાં કેમ નથી વિચારતા ?**

(૧૨) જ્યારે પણ પ્રભુને સ્પર્શવાના મુદ્દે પૂજા જ બંધ કરવાની વાત

આવે, ત્યારે એવું કેમ નથી વિચારાતું કે ફૂલપૂજા પ્રભુને અડ્યા વિના થઈ શકે છે, તો નિઃસંકોચ ચાલુ રાખવી. પ્રભુની સુંદર ભક્તિ થશે, પુણ્યાનુબંધી પુણ્ય મળશે, પૂજાના સંસ્કાર ઊભા રહેશે. વર્ષો સુધી પુષ્પપૂજામાં નિમિત્ત બનનાર સંઘના કૌટુમ્બિક સભ્ય – 'માળી'નો પરિવાર નહીં સીદાય. કેટલો બધો લાભ છે ! કેમ એવું ન થઈ શકે ?

(૧૩) એ રીતે ઘરેથી ધૂપ-દીપ લાવીને કેમ તે પૂજા ન થઈ શકે ? પાટલાને અડવાના પ્રશ્ન હોય, તો પ્રભુ સમક્ષ થાળીમાં નૈવેદ્ય-ફળ ધરીને સંઘે ઠેરવેલી જગ્યાએ પધરાવીને પણ નૈવેદ્ય-ફળ પૂજા કરી શકાય છે. જ્યારે તથાવિધ સંયોગો ઊભા થાય ત્યારે પણ આવા વચલા રસ્તા કેમ ગોતવામાં આવતા નથી. ને સીધું જ શા માટે શટર પાડી દેવામાં આવે છે ? ચૈત્યવંદન કરવાથી ક્યું આકાશ તૂટી પડવાનું છે ? લોકો અંતર નથી જાળવતા માટે - આ કોઈ જવાબ છે ? આપણો મેજોરિટી વર્ગ વિવેકી અને સુશિક્ષિત છે. જરૂર કરતા વધારે કાળજી રાખનારો છે, જૂજ લોકો કાળજી ન રાખતા હોય, તો તેમને નિર્દેશ કરવાની વ્યવસ્થા કરવાની હોય કે સમૂળગું આરાધનામાં જ તાળું લગાવી દેવાનું હોય ? આપણને જે વ્યવસ્થાનો શોર્ટકટ અને ઈઝી કટ લાગે છે, તે હકીકતમાં ગેરવ્યવસ્થા તો નથી ને ? આ પ્રશ્ન આપણે આપણને પૂછવો જોઈએ.

**સાર એ છે કે**
**સંઘની સલામતી પણ ખૂબ વધે**
**અને સંઘની આરાધના પણ ખૂબ વધે**
**એવા પ્રયત્નો લાગણી અને કાળજી સાથે કરવા દ્વારા જ**
**આપણું અગ્રણીત્વ અને આરાધકત્વ સાર્થક થાય છે.**
**માટે એવા પ્રયત્નો કરવા જોઈએ.**

✱

# ✻ *Plan* : અનુષ્ઠાન ✻

સિદ્ધચક્ર પૂજનથી માંડીને છ'રી પાલિત સંઘયાત્રા સુધીના વિરાટ અનુષ્ઠાનો સારા પ્રમાણમાં થઈ રહ્યા છે. તે આનંદનીય અને અનુમોદનીય છે. તમારે જો તમારા અનુષ્ઠાનનું લાખોગણું પુણ્ય મેળવવું હોય તો અનુષ્ઠાન કરતા પહેલા પોતાની જાતને આ ચાર પ્રશ્નો જરૂર પૂછો.

(૧) **આમાં મારા આત્માનું શું ?** :- જિનાજ્ઞાનુસારી - શુદ્ધ વિધિ-શુદ્ધ ભાવથી કરેલું અનુષ્ઠાન મારા આત્માના કામમાં લાગશે. દેખાડા-અહંકાર-ચડસાચડસી-જિનાજ્ઞા ઉપેક્ષા-બેફામ અવિધિથી કરેલા અનુષ્ટાનથી મારા આત્માનું હિત નહીં થાય.

(૨) **આમાં મારા શાસનનું શું ?** :- મારા દ્વારા કરાતા અનુષ્ઠાનથી-આ સમય-શક્તિ-સંપત્તિના સદ્વ્યયથી જિનશાસનને શું ફાયદો થશે ? મારે આ અનુષ્ઠાન એવી રીતે જ કરવું છે કે જિનશાસનને ધરખમ ફાયદો થઈને રહે. આ અનુષ્ઠાન દ્વારા જિનશાસનને દીર્ઘ કાળ સુધી સત્પરિણામો મળતા રહે.

(૩) **આમાં મારા આમંત્રિતોનું શું ?** :- હું લોકોને વહેવાર માટે નથી બોલાવતો, એમના આત્મહિત માટે બોલાવું છું. મારે પહેલાથી જ એવું આમંત્રણ આપવું છે કે તેઓ પણ શુદ્ધ આરાધનાના ભાવ સાથે આવે અને આ અનુષ્ઠાનના નિમિત્તે જિનશાસનના રંગે રંગાઈ જાય.

(૪) **આમાં શાસનની આબરુનું શું ?** :- માઈકે કરેલા ઘોંઘાટોથી કે પાર્કિંગે સર્જેલી સમસ્યાઓથી શાસનની આબરુ તો નહીં જાય ને ? સંઘયાત્રા એટલો કચરો છોડીને જાય કે આગળ પ્રભાવના ને પાછળ અપભ્રાજના - એવું તો નહીં થાય ને ? ઉપાશ્રયના ઝાડુવાળાથી માંડીને રસ્તે જતી એકાદ પણ વ્યક્તિના માટે દુર્ભાવનું નિમિત્ત બની જાય, એવી ભૂલ તો હું નહીં કરું ને ?

હા, અનુષ્ઠાન તો નથી જ છોડવાનું, ફક્ત અવિવેક છોડવાનો છે, આ ચારે પ્રશ્નોના સંતોષકારક જવાબ મેળવીને અનુષ્ઠાન કરવાનું છે. અને સર્વોત્કૃષ્ટ ફળ પામીને ન્યાલ થઈ જવાનું છે.

# ⁕ *Plan : Safe* વરઘોડો ⁕

ગયા ઉનાળામાં લોકડાઉન હતું. ફરવાનું બાકી રહી ગયું હતું, તો લોકો ચોમાસામાં ફરી આવ્યા. ફરવાનું બાકી ન રહી જવું જોઈએ. એ એક જરૂરી વસ્તુ હતી. એવી સામાન્ય સમજ છે. ભલે એની સામે વાંધો પણ નથી. પ્રશ્ન એ છે કે શું ગઈ ચૈત્ર સુદ તેરસે પ્રભુના જન્મકલ્યાણકનો વરઘોડો કાઢવાનો બાકી ન'તો રહી ગયો ? શું પર્યુષણ પછીનો વરઘોડો બાકી ન'તો રહી ગયો ? શું આ ચૈત્ર સુદ તેરસે પ્રભુનું જન્મકલ્યાણક ન હતું ?

કેમ આ બધા વરઘોડા બાકી નથી રહી ગયા ? અથવા શું તે કાઢવાના જ ન હતા ? કેમ આપણને એનો કોઈ ખટકો નથી ? કોરોનામાં ન થાય એમ ? હોટલ-રિસોર્ટ-હિલસ્ટેશન-માનવ-ટ્રાફિકવાળું ભીડ ભરેલું બજાર → આ બધામાં વાંધો નહીં, ને ધર્મમાં જ આ બધા પ્રશ્નો આવે છે ?

ખેર, વરઘોડો તો નીકળવો જ જોઈએ. વાંધા-વચકા લેનારાઓને કોઈ જ કારણ ન મળે એવો ભીડ વગરનો વરઘોડો પણ નીકળી શકે છે. જેમાં આરોગ્યનું/વ્યવસ્થાનું/સરકારનું કોઈ જાતનું જોખમ ન રહે એવો વરઘોડો પણ નીકળી શકે છે. આ રહ્યો એનો Plan.

(૧) એક સંઘની ફક્ત ૧ આઈટમ - પ્રભુનો રથ. બસ.
બીજું કંઈ જ નહીં.

(૨) એ રથ ઉત્કૃષ્ટ રીતે શણગાર્યો હોય.

(૩) એ રથમાં મોટા અક્ષરે બોર્ડ લગાડ્યું હોય.

**જે પ્રભુની પ્રેરણાથી**
**ગુજરાતમાં કરોડો લોકોને કોરોના-લોકડાઉનમાં**
**પેટ ભરીને ભોજન મળ્યું એ**
**પરમ કરુણાસાગર જૈન ધર્મના ચોવીશમાં તીર્થંકર**
**ભગવાન મહાવીરસ્વામીનો રથ**

(૪) આ રીતે દરેક સંઘના રથમાં જુદા જુદા રાજ્યોના નામ સાથે યથાસત્ય હજારો/લાખો/કરોડો લખીને બોર્ડ મુકાય.

(૫) દરેક રથ વચ્ચે ૫૦ ફીટનું અંતર હોય.

(૬) રથ સિવાય કોઈ આઈટમ કે કોઈ પણ માણસ વરઘોડામાં ન હોય.

નિયમનો જે પણ હોય, વાહનવ્યવહાર તો ચાલુ જ છે. એ જ રીતે ૫૦-૫૦ ફીટના અંતરે ફક્ત રથ હોય, તેનાથી ભીડ, ટ્રાફિક જામ, સંક્રમણ વગેરે કોઈ જ શક્યતા રહેતી નથી. છતાં આ આયોજનની પણ પરવાનગી તો લઈ જ લેવાય, જેથી કોઈ સમસ્યાની શક્યતા જ ન રહે. જૈનોએ કોરોના-લોકડાઉનમાં અબજોના હેલ્પ-વર્ક્સ કર્યા છે. પણ જુદી જુદી સંસ્થાઓના નામે, ધંધાકીય પેઢીના નામે કે વ્યક્તિગતરૂપે તે કાર્યો થયા હોવાથી જિનશાસનને એનો યશ મળ્યો નથી. સંસ્થાઓના નામોથી જાહેર જનતાને ખ્યાલ નથી આવતો કે આ કયા ધર્મની સંસ્થા છે. આ રીતે વરઘોડો કાઢવાથી જિનશાસનને જબરદસ્ત યશ મળશે. કોઈ નિન્દાપ્રિય વ્યક્તિ એમ કહેવા જશે કે આવા રોગચાળામાં આ લોકોને વરઘોડા કાઢવા છે, તો આવા બોર્ડ જોઈને એણે ય મોઢું બંધ રાખીને હાથ જોડવાના રહેશે.

આ રીતે જેટલા સંઘના રથોનું આયોજન થઈ શકતું હોય તે જરૂર થવું જોઈએ. છેવટે વધુ સંઘો ભેગા ન થાય તો તે તે સંઘનો રથ તે તે વિસ્તારમાં તો ઉપરોક્ત રીતે ફરવો જ જોઈએ.

બે-બે ચૈત્ર સુદ તેરસો એમ ને એમ જતી રહી, પર્યુષણ વીતી ગયે વરસ થવા આવ્યું, છતાં આપણને આ વિષેનો ખટકો ય ન હોય ને કાળોચિત નાનું શક્ય આયોજન પણ ન કરીએ. એ પણ એક પ્રકારનો ગેરવહીવટ છે. રથયાત્રાનો ઈતિહાસ જુઓ. આંખો છક થઈ જશે. સવા લાખ જિનાલય અને સવા કરોડ પ્રતિમા બનાવનારા અને જીવદયાનો જયજયકાર કરનારા સમ્રાટ સંપ્રતિ 'રથયાત્રા' થી મળ્યા છે. એની ગરિમા સમજાશે તો આ Plan ને સાકાર કરવા આપણે પોતે જ લાલાયિત થઈ જઈશું.

✻

# ✻ *Plan* : વૈયાવચ્ચ રસોડું ✻

રોગચાળાના આ દિવસોમાં અનેક શ્રીસંઘોએ મહાત્માઓના સ્વાસ્થ્યની રક્ષા કરવા માટે ખાસ રસોડું કરેલ છે. શ્રીસંઘની આ ભક્તિની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. જ્યારે ઘરોમાં જઈ જ ન શકાય એવી પરિસ્થિતિ હોય, જવાથી શાસનહીલનાની પણ સંભાવના હોય, ત્યારે રસોડું કરવું જરૂરી પણ બન્યું હોય છે. એક વાસ્તવિકતા આ છે તો બીજી વાસ્તવિકતા એ પણ છે કે ઘણા બધા મહાત્માઓને રસોડાની ગોચરી માફક નથી આવતી. ઘણાને પાચનની સમસ્યાઓ સર્જાય છે. રોજ નિયત સમયે બહિર્ભૂમિ જનારા મહાત્માઓની નિયમિતતા ખોરવાઈ જાય છે. જેઓ પહેલાથી જ ગ્લાન હોય, તેમની ગોચરી ઘરોમાંથી જ લાવવી/મંગાવવી પડે છે. રસોઈ કરનારા ક્યાંથી-કેવા વાતાવરણમાંથી આવે, ચેપ લાવે કે નહીં, તે નક્કી નથી હોતું. રસોઈ કરનાર સ્ટાફ, બીજો સ્ટાફ વગેરે વગેરે ઉમેરાતા ખર્ચો દોઢો/બમણો થાય છે. સંઘના કાર્યકરોએ રોજ ઘણો સમય દેખરેખ માટે ઊભા રહેવું પડે છે. રસોડું કર્યા પછી આ બધું જ અશક્ય પરિહાર થઈ ગયું હોય છે. એટલે કે આવી બધી સાઈડ-ઈફેક્ટ્સ ટાળવી શક્ય નથી હોતી.

શું આનો કોઈ વચલો રસ્તો હોઈ શકે? જો ઘરોમાં ગોચરી જવું શક્ય જ ન હોય, તો રસોડાં સિવાય કયો વિકલ્પ હોઈ શકે ?

એક વિકલ્પ છે, સંઘના ૧૦/૧૫ જે કામની જરૂરવાળા પરિવારો હોય, તેને ચોક્કસ વસ્તુ બનાવવાનું સોંપ્યું હોય, જેમ કે ૧૦ પરિવાર રોટલી બનાવે, ૩ પરિવાર શાક બનાવે, ૧ પરિવાર દાળ બનાવે, ૧ પરિવાર ભાત બનાવે, તેઓ નિયત સમયે વહોરાવી જાય, આ રીતે આ મુજબ ફરક પડશે.

(૧) ગોચરી ઘરની જ હોવાથી સુપાચ્ય બનશે.

(૨) શૂન્ય સ્ટાફમાં કામ થઈ જશે. ખર્ચો ખૂબ ઘટશે.

(૩) જરૂરિયાતવાળા પરિવારોને કામ મળવાથી સાધર્મિક ભક્તિ થશે.

(૪) મહાત્માઓનું સ્વાસ્થ્ય અને આરાધના સચવાશે.

(૫) ઉપાશ્રય-સંકુલમાં વિજાતીયની દીર્ઘ સમય સુધી હાજરી નહીં રહે.

(૬) વહીવટી સમસ્યાઓ અને સમય બચી જશે.

(૭) આપણા ઘરોમાં કાળજી લેવાતી હોવાથી ચેપની સંભાવના ઓછી થઈ જશે.

(૮) જુદો-નવો ચૂલો કરવાની વધુ વિરાધનાથી બચી શકાશે.

(૯) રસોડામાં મુખ્ય દ્રવ્યો માફક ન આવવાથી બીજા દ્રવ્યો બનાવવા પડે, વ્યવસ્થાકીય જવાબદારી વધે અને દોષ પણ વધુ લાગે, એવું નહીં થાય.

જો કે એવો કોઈ એકાન્ત નથી કે રસોડું આ રીતે જ કરાય, છતાં આ પણ એક વિકલ્પ છે. જેમાં અપેક્ષાએ ઓછો દોષ લાગે અને સ્વાસ્થ્ય સચવાય. જ્યાં જે વિકલ્પ શક્ય હોય, તેને શ્રીસંઘ ગુરુ ભગવંતોના માર્ગદર્શનપૂર્વક અપનાવી શકે.

✷

(સંઘમાં મુકવા રેડી બોર્ડ)

## ✳ જલ-સુપાત્રદાન - સૌભાગ્ય ✳

શ્રી સંઘના સર્વે

ભાઈ-બહેનોને પ્રણામ. આપ સૌ શાતામાં હશો.

આપ સૌની ધર્મભાવનાથી આપણો શ્રીસંઘ દિન-પ્રતિદિન

પ્રગતિ કરી રહ્યો છે. ભૂરિ ભૂરિ અનુમોદના.

જળ-સુપાત્રદાનના સંદર્ભમાં અહીં પ્રસ્તુત છે એક સરસ-સરળ Plan

(૧) સંઘના દરેક નાના-મોટા ભાઈ મહિનાની એક તારીખ પસંદ કરે.

(૨) તે તારીખે સવારે તે ભાઈ જલ-સુપાત્રદાન માટે આવે.

(૩) તે ભાઈ ૧ મિનિટથી માંડીને પોતાને જેટલો સમય અનુકૂળ હોય, એટલો સમય જલ-સુપાત્રદાન કરી શકે. જરૂરી નથી કે આટલો સમય રહેવું જ.

(૪) સૂર્યોદયથી લગભગ ૩ કે ૪ કલાક સુધીના સમયગાળામાં અનુકૂળ હોય એટલો સમય લાભ લઈ શકો.

(૫) તમારી તારીખે ઓચિંતું કાંઈ કામ આવી જાય તો તમે બીજી તારીખવાળા સાથે અદલી-બદલી કરી શકો.

(૬) અદલી-બદલી પણ ન થઈ શકે, તો ય વાંધો નથી. તમારી ગેરહાજરી નોંધવામાં નહીં આવે, ચિંતા ન કરશો.

(૭) આ લાભ ફક્ત ભાઈઓને મળશે, પણ બહેનો પરિવારમાં પ્રેરણા કરીને લાભ લઈ શકે છે.

(૮) તમારા સમયગાળામાં જ્યારે મહાત્મા ન આવ્યા હોય, ત્યારે વાંચન કરવા માટે પુસ્તકો રાખેલ છે. સદ્વાંચન દ્વારા સમયને સફળ કરશો.

* * * * *

જિનાગમ-ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે -

**लाभेण जोजयंतो जइणो लाभंतराइयं हणइ ।**

***મહાત્માને સુપાત્રદાન કરવાથી લાભાંતરાય કર્મ નાશ પામે છે.***

બીજા શબ્દોમાં સુપાત્રદાનના પુણ્યથી
જ્યાં હાથ નાંખો ત્યાંથી હીરા મળે છે.
આજના વિષમ સમયમાં
ધંધા-પાણી વગેરે બધું જ અઘરું થઈ ગયું છે.
ત્યારે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જિત કરવા માટે
મહિને એક દિવસ આ અણમોલ લાભ જરૂર લેશો.
આપ પેઢીએ આપની તારીખ નોંધાવી શકો છો.
આપે ફક્ત તારીખ અને નામ લખાવવાનું છે.
ફોન નં./સરનામું વગેરે કાંઈ જ લખાવવાનું નથી

અમારે તમારું ફોલો-અપ પણ કરવાનું નથી.
કોઈની ભાવના ખાલી રહેલી તારીખે
આવવાની હોય, તો તેમને તારીખ આપી શકાય
તે માટે આ વ્યવસ્થા છે.
આપની આજુ-બાજુમાં સૌને પ્રેરણા કરવા વિનંતિ

* * * * *

સુપાત્રદાનના ફળ તરીકે
આખા દેવલોકના દેવલોક આપી દેવાય
તો ય ઓછા પડે,
છતાં આપણી સમજ માટે સ્થૂલ દષ્ટિએ એમ કહી શકાય
કે મહાત્માને જેટલા ટીપા પાણી વહોરાવીએ
એટલા કિલો સોનું મળે.

* * * * *

શાલિભદ્રની ઋદ્ધિનું ને કયવન્ના શેઠના સૌભાગ્યનું મૂળ
સુપાત્રદાન જ હતું.
સદ્ગતિ અને મોક્ષ પણ સુપાત્રદાનથી મળે છે.
માટે સંઘના એક પણ ભાઈ
આ લાભ ચૂકે નહીં.

* * * * *

જલ-સુપાત્રદાન કરતી વખતે
આ ભાવના ભાવી શકાય

(૧) હું અઢી દ્વીપના સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતોને પાણી વહોરાવી રહ્યો છું.

(૨) હું સર્વકાળના અનંતાનંત સાધુ-સાધ્વીજી ભગવંતોને પાણી વહોરાવી રહ્યો છું.

(૩) આ પાણી વાપરીને મહાત્માઓને શાતા મળશે અને તેઓ સ્વાધ્યાય, વૈયાવચ્ચ, ક્રિયા વગેરે સંયમયોગોને સારી રીતે આરાધી શકશે.

(૪) મારું પરમ સૌભાગ્ય છે કે મને આ લાભ મળ્યો. આજે મારા સંસારના અઢળક પાપો ધોવાઈ ગયા. જલ સુપાત્રદાન દ્વારા મહાત્માઓને સંયમ-સહાય કરવા દ્વારા મેં લખલૂટ પુણ્ય મેળવ્યું. હું ધન્ય થઈ ગયો.

✷

## ✳ अणंतगुणिया पयट्टए सद्धा ✳

ક્રિયાથી આગળ વધીને જ્ઞાનપૂર્વકની ક્રિયા તરફ વર્તમાન યુગ આગળ વધી રહ્યો છે, બે પેઢી પહેલા આજીવન પ્રતિક્રમણ કરનારા શ્રાવકોને પણ અર્થની કે વિધિના રહસ્યોની જાણ ન હોય, તેવું બનતું. હવે શ્રાવકોની રુચિ વધી છે. સમજવું છે, સમજીને કરવું છે- આ વૃત્તિ વધતી જાય છે. તો બીજી બાજુ કારુણિક મહાત્માઓ પણ સૂત્રના અર્થો અને વિધિના રહસ્યોને પ્રગટ કરતા સુંદર પુસ્તકો બહાર પાડી રહ્યા છે. કેટલાક એવા જીવો હોય છે જે વાચના-વ્યાખ્યાન-પાઠશાળા દ્વારા કે સ્વયં વાંચવા દ્વારા પણ આ બધો બોધ નથી પામી શકતા. તેઓને યા એવી અનુકૂળતા નથી, યા પ્રમાદ નથી છોડી શકતા, તેમના પર પણ ઉપકાર કરવા માટે ઘણા મહાત્માઓ પ્રતિક્રમણમાં જ ટૂંક સમજૂતી આપતા જાય છે. જેનાથી પોતે શું કરી રહ્યા છે અને શા માટે કરી રહ્યા છે, તેનો શ્રાવકોને સારો ઉપયોગ રહે છે. અને ભાવમાં પણ ઘણો ફરક પડે છે. હજારો શ્રાવકોનો આ અનુભવ છે અને શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે -

**णाए अन्नायाओ अणंतगुणिया पयट्टए सद्धा ।**
**तीए किरियातिसओ तत्तो विसिट्ठखओवसमो ॥**

***જે અજ્ઞાત હોય, તેમાં જેટલી શ્રદ્ધા પ્રવર્તે, તેના કરતા***
***અનંતગણી શ્રદ્ધા જ્ઞાતમાં પ્રવર્તે છે.***
***તેના દ્વારા ક્રિયાતિશય નિર્માણ પામે છે.***
***અને તેના દ્વારા વિશિષ્ટ ક્ષયોપશમભાવો પ્રગટે છે.***

એક બાળકને ગુરુવંદનસૂત્રો શીખવાડાયા. એ કડકડાટ ગુરુવંદન કરે છે - સુખસંજમ જાત્રા નિર્વહો છો જી... વગેરે બોલી જાય છે, પણ એનો અર્થ અને એનું હાર્દ એને બિલકુલ ખબર નથી, અને એવો ગુરુભક્તિ-શાતાપૃચ્છા-ભાત-પાણીનો લાભ પામવાનો ઉલ્લાસ-વગેરે કોઈ ભાવ નથી, એનું ગુરુવંદન કેવું હોય ? અને તે શબ્દોનો અર્થ અને હાર્દ સમજનાર શ્રાવકનું ગુરુવંદન કેવું હોય ?

ધારો કે તે બાળકને ગુરુવંદન કરાવતા કરાવતા તેના પિતા અર્થ સમજાવે છે, તે બાળક સમજતો જાય છે ને કરતો જાય છે, તો એ ગુરુવંદન કેવું થશે ? કેટલો બધો ફરક પડશે !

હા, એ વાત ચોક્કસ છે કે ગુરુવંદનની ક્રિયામાં બીજા શબ્દો ઉમેરાશે, ગુરુવંદનની ક્રિયા ગુરુવંદન કરવા માટેની ક્રિયા છે, ગુરુવંદનને સમજવા માટેની ક્રિયા નથી, પણ સમજતા સમજતા ગુરુવંદન કરવાથી ખરા અર્થમાં ગુરુવંદન થઈ શક્યું. બાકી એમને એમ સૂત્રપાઠ કરવાથી ટેપરેકોર્ડર વાગવા જેવું થયું. ટેપરેકોર્ડરને પણ નથી ખબર હોતી કે એ શું બોલે છે ને એ બાળકને ય નથી ખબર કે એ શું બોલે છે - તો બેમાં તાત્ત્વિક દૃષ્ટિએ શું ફરક રહ્યો ? હા, જે તેવું અર્થબોધશૂન્ય પણ ગુરુવંદન નથી કરતો તેના કરતા તે બાળક ફાયદામાં છે. પણ એટલાથી સંતોષ કેમ માનવો ?

ગુરુવંદનની ક્રિયાના સંદર્ભમાં ૪ ગ્રેડ પાડી શકાય.

**A ગ્રેડ** → પહેલાથી ગુરુવંદનને સૂત્ર-અર્થ-વિધિ-રહસ્યથી બરાબર સમજીને ઉપયોગ-અહોભાવ-વિધિશુદ્ધિપૂર્વક ગુરુવંદન કરવું.

**B ગ્રેડ** → A ગ્રેડ માટે જેટલો બોધ ઓછો પડતો હોય તે બીજાની

સમજૂતીથી સમજતા જવા-પૂર્વક ઉપયોગાદિ સાથે ગુરુવંદન કરવું.

**C ગ્રેડ** → સમજણ વગર ટેપરેકોર્ડર જેવું ગુરુવંદન કરવું.

**D ગ્રેડ** → ગુરુવંદન ન કરવું.

જે વાત ગુરુવંદન માટે કહી તે પ્રતિક્રમણાદિ ક્રિયામાં પણ લાગુ પડે છે. અહીં ક્રિયા સમાંતર સમજૂતીને B ગ્રેડમાં કહી તે અપેક્ષા-વિશેષથી સમજવું. બાકી તેનાથી પણ અહોભાવાદિવૃદ્ધિથી કોઈ જીવ તીવ્ર કર્મનિજરા અને વિશિષ્ટપુણ્યોપાર્જન કરી શકે. કાળ-સંઘયણનો દોષ ન હોય તો ક્ષપકશ્રેણિ આરોહણાદિ શ્રેય પણ પામી શકે છે. તે અપેક્ષાએ તેને પણ A ગ્રેડમાં ગણી શકાય.

આ રીતે સમજૂતી પામવા જવા સાથે ક્રિયા કરવી, એ આત્મહિતકર છે, એમાં કોઈ શંકા નથી, અનેકાનેક સંવિજ્ઞ ગીતાર્થ ગુરુ ભગવંતો આ રીતે પ્રતિક્રમણ કરાવતા હોવાથી પણ આમાં દોષ લાગવાનો પ્રશ્ન રહેતો નથી, ઉલ્ટુ **C ગ્રેડ** માટે આવો પ્રશ્ન ઉઠવો જોઈએ. જે ખરેખર ઘણા લોકો ઉઠાવી પણ રહ્યા છે, લોકો જ નહીં, મહાત્માઓ ય ઉઠાવી રહ્યા છે. એટલું જ નહીં **इहरा मुसावाओ – करेमि भंते सामाइयं** વગેરે સમજ્યા વગર બોલે જવામાં મૃષાવાદ છે. આવા શબ્દોથી પૂર્વાચાર્યોએ પણ આ પ્રશ્ન ઉઠાવ્યો જ છે. જો કે આ પ્રશ્ન ક્રિયા છોડાવવા માટે નહીં પણ ક્રિયાને વધુ શુદ્ધ બનાવવા માટે છે.

એક સંઘમાં મારા કહેવાથી મહાત્માએ ૧ મહિના સુધી જુદી જુદી રીતે ટૂંક સમજણ આપી પ્રતિક્રમણ કરાવ્યું. શ્રાવકોના શબ્દો હતા. ૪૦ વર્ષમાં પહેલી વાર આવા પ્રતિક્રમણો કરવા મળ્યા. એક સંઘમાં સંવત્સરી પ્રતિક્રમણ સમજાવીને કરાવાયું. એક ભાઈ સિગરેટ પીનારા, ગાળો બોલનારા, માથાભારે-છતાં આવા પ્રતિક્રમણથી એમની આંખોમાં આંસુ આવી ગયા. એ જિંદગીમાં કદી વ્યાખ્યાન નહીં સાંભળનારા, ને એ

વ્યાખ્યાન સાંભળતા થઈ ગયા, એટલું જ નહીં, એમણે પોતાના એપાર્ટમેન્ટમાં પણ વ્યાખ્યાન કરાવ્યું. આવા ઘણા ઉદાહરણો છે.

સમજુતીમાં કોઈ વાર્તા-ટૂચકા કે ઉપદેશો નથી અપાતા. 'લોગસ્સનું બીજું નામ નામસ્તવ છે. કારણ કે તેમાં ૨૪ તીર્થંકરોના નામ લઈને તેમની સ્તુતિ કરાઈ છે.' ← આવી સામાન્ય સમજણ જ ટૂંકમાં અપાય છે. પણ લોગસ્સ એમ ને એમ સાંભળી જવો ને આટલી સમજણ પામીને લોગસ્સ સાંભળવો - આ બેમાં આસમાન-જમીનનો ફરક પડે છે, તેથી જ કર્મક્ષય અને પુણ્યોપાર્જનમાં પણ આસમાન-જમીનનો ફરક પડે છે.

ઈચ્છનીય તો એ જ છે કે સૌ આરાધકો A ગ્રેડમાં જ હોય, પણ જ્યાં સુધી એ શક્ય ન બને, ત્યાં સુધી B ગ્રેડ ઈચ્છનીય છે. A ની ભૂમિકા ન હોય અને B વિવાદાસ્પદ લાગતું હોય- આવું કરાય કે નહીં એમ લાગતું હોય, કદાચ તેથી તે યથાશક્ય થઈ રહ્યું હોય તો ય અટકાવવામાં આવતું હોય એ આડકતરી રીતે C ની પ્રેરણા છે. C મગજમાં બેસતું નથી તેથી આધુનિક વર્ગને A કે B માં ન લઈ જવાય તો એ D માં જવા લાગે છે. નવા પંથો ક્રિયામાર્ગ પર આક્ષેપો કરે છે. અને સ્વમતિ-કલ્પિત ક્રિયાનો પ્રતિક્રમણ - ના નામે પ્રસાર કરે છે. પ્રભુના મૂળમાર્ગ પર આ કેવા કુઠારાઘાતો !!!

જ્ઞાનપૂર્વકની શુદ્ધ ક્રિયાનો પ્રસાર એ જિનશાસનની ઉચ્ચ સેવા છે. સંવિજ્ઞ ગીતાર્થ ગુરુ ભગવંતોના માર્ગદર્શનપૂર્વક આપણે તે માટે પ્રયત્નશીલ બનીએ એ જ શુભેચ્છા.

✳

# ❊ ઓ શ્રીમંતો ! જરા માંગણ બનતા શીખો ❊

## *Let Me Say*

એક બાજુ
સમર્પિત સેવકોના અભાવે
જિનશાસનના અનેકાનેક અંગો સીદાઈ રહ્યા હોય,
તીર્થો, સંઘો, સંસ્થાઓ, નવી પેઢી
બધું જ રઝળતું દેખાતું હોય
ને બીજી બાજુ
રોમે રોમે શાસનરાગ ધરાવતા
ને શાસન ખાતર બધું જ કરી છૂટવાની
તમન્ના ધરાવતા યુવકો
ઘર ચલાવવામાં જ મહદંશે પૂરા થઈ જતા દેખાતા હોય
ત્યારે હૃદય સખત આઘાત અનુભવે છે.
**ત્યારે**
**શ્રીમંતોની ૨૫-૫૦ લાખની ગાડીમાં**
**મને નરકયાત્રાના દર્શન થાય છે**
**ત્યારે લાખો કે કરોડોની વર્લ્ડ ટૂરમાં**
**મને ભયંકર ભવભ્રમણના દર્શન થાય છે.**
**ત્યારે છાશવારે કરાતા**
**પૈસાના ધુમાડામાં**
**મને એમનું ભડકે બળતું ભવિષ્ય દેખાય છે.**
તકતી ને નામકરણ થતું હોય, વાહ-વાહ થઈ જતી હોય
તો કંઈક વિચારીએ
કોઈ જગ્યાએ પ્રમુખપદ મળતું હોય
તો કંઈક પૈસા વેરી દઈએ,
જોરદાર અભિવાદન સમારોહ થઈ જતો હોય

તો સારું દાન આપવામાં વાંધો નથી,
આવી વૃત્તિવાળા શ્રીમંતોને મારે કહેવું છે
કે એક અપેક્ષાએ
દાનનું અત્યંત ઉચ્ચ પાત્ર
શાસનસેવા માટે થનગની રહેલા
આ યુવાનો છે.

એક એમની ભક્તિ કરી હશે
એ શાસનના સર્વ ક્ષેત્રોમાં પહોંચશે
ને જો આવું કશું જ નહીં કરાય
તો ઉત્તરોત્તર ખાડામાં જતું આ તંત્ર
સાવ તળિયે જઈને બેસશે.
શા માટે એવું ન થાય
કે એક એક શ્રીમંત આવા એક એક તરવરિયા યુવાનને
એક એક લાખના પગારે
શાસનની નોકરીમાં રાખી લે ?
શા માટે એવું ન થાય
કે એવા યુવાનોની બુદ્ધિ, શક્તિ, પ્રતિભા, સમય
કોઈ મલ્ટીનેશનલ કંપની ખાતર નિચોવવાને બદલે
જિનશાસનના અભ્યુદય માટે ઉપયોગી બનવા લાગે ?

**મને કહેવા દો**
**કે પોતાના ઘર ને ધંધા ખાતર**
**લાખો રૂપિયા પાણીની જેમ વહાવી દેનારા**
**ને ઓફિસના મેનેજરને બે બે લાખનો પગાર આપનારા**
**શ્રીમંતોને ઉપરોક્ત વાત પ્રેકટીકલ ન લાગતી હોય**
**તો એનો સીધો અર્થ એ છે**
**કે એમને મન જિનશાસન પારકું જ છે.**

આપણા સ્વાર્થ માટે-હાર તોરા માટે એનો ઉપયોગ કરી લઈએ
એ વાત જુદી છે
બાકી સમર્પિત સેવકોના અભાવે એ નજર સામે
ખેદાન મેદાન થઈ જતું દેખાય તો ય કોઈ વાંધો નથી.
આવી તેમની વૃત્તિ છે.
આવી વૃત્તિની સામે
પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા એક જ પ્રશ્ન કરે છે -

**तस्यार्जनादिजनिताघचयार्जितात्ते**
**भावी कथं नरकदुःखभराच्च मोक्षः ।। अध्यात्मकल्पद्रुम ।।**

'ભાઈ !
જો તારું આવું જ વલણ છે
તો પછી આ રૂપિયા કમાવવા માટે
તે જે ઘોર પાપો કર્યા છે
જે તને સીધો નરકમાં ઘસડી જવાના છે.
જે તને ભયંકર દુઃખોના ભટ્ઠામાં શેકી નાંખવાના છે.
એમનાથી તું શી રીતે છૂટી શકીશ ?'
**મને કહેવા દો**
**કે માંગણ જિનશાસન નથી જ,**
**ઈજ્જતની રોટલી ખાનારા એ યુવાનો ય માંગણ નથી જ,**
**જિંદગીમાં એમણે કોઈ પાસે હાથ લંબાવ્યો નથી.**
**હાથ લંબાવવાના નથી ને હાથ લંબાવવાની એમને કોઈ જરૂર પણ નથી.**
**પણ જો શ્રીમંતોમાં થોડી પણ સમજણ હોય,**
**તો એમણે માંગણ બનવાની જરૂર છે.**
**કે પ્લીઝ,**
**મને આ લાભ આપો, નહીં તો મારો કચ્ચરઘાણ નીકળી જશે.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય,
તો મિચ્છામિ દુક્કડમ્.

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **Mission સ્વચ્છ સાયબર** (હિં.ગુ.) – સફાઈ સામગ્રી
૨. **નારી ગરિમા** – ૧૬ વર્ષની દીકરી માટે ૧૬ પાના
૩. **Court Says** (હિં.ગુ.) – ગંદા પ્રસારતંત્ર પર કોર્ટની સમાલોચના
૪. **સર્વ ધર્મશાસ્ત્રોં કે અભિપ્રાય** (હિં.) – ગંદા પ્રસારતંત્રનો સર્વ ધર્મો દ્વારા વિરોધ-સચિત્ર
૫. **સર્વ ધર્મગુરુઓં કે અભિપ્રાય** (હિં.) – વિવિધ ધર્મસંપ્રદાયો દ્વારા ગંદા પ્રસારતંત્રનો વિરોધ
૬. **લાઈન્સ On ગાઈડલાઈન્સ** (હિં.) – પ્રસારતંત્ર ગાઈડલાઈન પર સીધા પ્રશ્ન
૭. **રાષ્ટ્રહિત – પત્રવ્યવહાર** (હિં.) – પ્રસારતંત્ર-સ્વચ્છતા માટેના પ્રયાસો

## BOOKS FOR THE JAINS

૧. **Journey જિનશાસન** – શાસનયાત્રા
૨. **પર્યુષણ-૧** – પ્રવચનધારા (હસ્તલિખિત)
૩. **આરાધનાયાત્રા** – પંચવસ્તુક-વાચના (હસ્તલિખિત)
૪. **Management : પાર્શ્વ** – લાઈફ સિક્રેટ્સ
૫. **પ્રવાહ** – વિવિધ લેખો
૬-૧૦. **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** – પ્રવચનધારા ભાગ ૧૨ થી ૧૬ (હસ્તલિખિત)
૧૧. **પેરન્ટીંગ-સર્જરી** – પ્રવચનધારા (હસ્તલિખિત)
૧૨. **ધ્યાનયાત્રા** – પ્રવચનધારા (હસ્તલિખિત)

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

૧. **સંજ્ઞાન સંવાદ** – શ્રમણ વાચના
૨. **વિરક્તિ ધારા** – પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૩. **વિશુદ્ધિ ધારા** – પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૪. **પરિણતિ ધારા** – પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૫. **વિરતિ ધારા** – પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૬. **પ્રવ્રજ્યા ધારા** – પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૭. **પરમ ધારા** – પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)

## પેમ્ફલેટ સાહિત્ય

बावशी और बारिश (हिं.) – સપ્રેમ સમજાવટ

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **જૈન સાધુ અને પર્યાવરણ** - રસપ્રદ માહિતી
૨. **જગતહિતકારની** (?) (હિં) - એક વિશેષ અધ્યયન
૩. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૧ થી ૪
૪. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૫ થી ૮
૫. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૯ થી ૧૨
૬. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૧૩ થી ૧૬

## BOOKS FOR THE JAINS

૧. **સંઘયાત્રા** - આમંત્રણ ગાઈડ
૨. **વલોણું** - વિવિધ લેખો
૩. Defence **જિનશાસન** - ગિરિરાજ સુરક્ષા - પ્રેરણા + પ્લાન
૪. **પ્રશમરતિ અમૃતમ્** - આંશિક રસાસ્વાદ
૫. Secure **જિનશાસન** - કન્યા ડે - તપોવન - પ્રેરણા + પ્લાન
૬. My **સંસ્કાર** Card - બાળસંસ્કરણ નોંધપોથી
૭. **ચૈત્ર સુદ તેરસ** - જન્મ કલ્યાણકની ભીતરમાં
૮. Plan **જિનશાસન** - એવું સુંદર સપનું મારું સાકાર હોજો

## BOOKS FOR GURU BHAGWANTS

૧. **સમ્મતિ સંવાદ** - શ્રમણ વાચના
૨. **સૌભાગ્ય સંવાદ** - શ્રમણ વાચના

## PEMPFLATE FOR JAINS

a. **શાસનસેવા** - આજીવન ચાર્જિંગ
b. **સોળ વર્ષનો સરવાળો** - શાંબ-પ્રદ્યુમ્ન સાધના (ફાગણ સુદ ૧૩ શ્રેણિમાં)
c. **સગાઈ** - દીક્ષા-પત્રિકા કોન્સેપ્ટ
d. **મુમુક્ષુના પરિવારને** - ટિપ્સ
e. **મુમુક્ષુના યજમાનને** - ટિપ્સ
f. 13 Q. on **કોરોના & દેરાસર** - ગાઈડલાઈન ટિપ્સ
g. **પ્રગતિની પગદંડી** - સાધર્મિકને પ્રેરણાપત્ર

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.